ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૫ ટકા

# આવો હવે હતાશા ખંખેરી હકારાત્મક માહોલ નિર્માણ કરીએ

**સમયસર**

હા..! સ્થિતિ ગંભીર હતી... છે... અને બનશે પણ ખરી..!! કોરોનાની કાતિલતાનો માનવજાતે કરેલો અનુભવ થથરાવી દે છે... માધ્યમોના અહેવાલોમાં વધતા આંકડાની ભયાનકતા... ઈન્જેક્શનો અને ઓક્સિજન માટે વલખા મારતા દર્દીઓનો ચિત્કાર... અને સતત જલતી ચિતાઓની આગ..! હચમચાવી નાંખે છે. છેલ્લા ૨૦ દિવસથી સમાજમાં ભારે સ્તબ્ધતા છવાયેલી છે. ચિંતાના થર ઉપર થર જામતા જાય છે. નિરાશા અને હતાશાનો માહોલ સવારથી સાંજ સુધી છવાયેલો રહે છે. રાજકારણીઓ નિંભર બનીને રોટલા શેકી રહ્યા છે અને સમાજ જાણે થંભી ગયો હોય તેમ સ્તબ્ધ થઈ ગયો છે, ત્યારે શું કરવું..? કેમ કરવું..?! કેવી રીતે બચવું..?! અને કેવી રીતે બચાવવું..?! આ પ્રશ્નો જનજીવનને હથોડા મારે છે.

હા..! નિયતિના વરવા સ્વરૂપ અનુભવાય છે ત્યારે... મજબુરી છે કે કોઈ કોઈની મદદ કરી શકતું નથી..! આજે તો માત્ર ને માત્ર અસ્તિત્વનો જંગ ખેલવાનો છે. દરેક વ્યક્તિ... દરેક પરિવારે હતાશા અને નિરાશામાંથી બહાર નીકળી આત્મવિશ્વાસપૂર્વક સ્થિતિ સામેનો જંગ જીતવાનો છે. સમાજ-સરકાર મદદ કરે કે ના કરે... અને જે કરે તે..!! પરંતુ વ્યક્તિગત ધોરણે જાત સાથેનો વિશ્વાસ ટકાવી રાખવાનો છે. વ્યક્તિગત જીવનમાં કે પારિવારિક જીવનમાં હકારાત્મકનો માહોલ જેટલો અને જેવો ઉભો કરશો તેટલો જંગ જીતવાની સરળતા ઉભી થશે. અઘરૂ ચોક્કસ છે... પણ અશક્ય સહેજેય નથી ! ૯૭ વર્ષના દાદા કે ૮૬ વર્ષના વડીલ જો કોરોનાને હરાવી શકતા હોય તો વિશ્વાસપૂર્વક સૌ કોઈ હરાવી શકે છે. મક્કમ મનોબળથી અને હકારાત્મક ભાવથી કોરોનાનો જંગ જીતવાનો સમય આવી પહોંચ્યો છે. પરિસ્થિતિનો પડકાર ગમે તેટલો વધારે હોય પરંતુ હું લડી શકીશ અને જીતી શકીશ આ ભાવ નિર્માણ થશે તો જીત આપણા ભાગ્યમાં નિશ્ચિત છે.

# કોરોનામાં જીવ ગુમાવનાર મૃતકોને મહામંડળની શ્રધ્ધાંજલિ

## મહામારીના કપરા સંજોગોમાં સેવામાં લાગી જવા અપીલ : સેકટરોના દવાખાના પુર્ણ સમય અને પુરતી વ્યવસ્થા સાથે કાર્યરત કરવા માટે પણ રજુઆત

ગાંધીનગર, તા.૮

કોરોનાની મહામારીના સંજોગોમાં શહેરમાં અનેક સામાજિક અને સેવાભાવી આગેવાનોએ પણ જીવ ગુમાવ્યા છે વિવિધ સંસ્થાના પદાધિકારીઓ તેમજ આ સેવાભાવી આગેવાનોના અવસાન બદલ શહેર વસાહત મહામંડળે ઘેરા શોકની લાગણી વ્યકત કરી સેવાના અધુરા કામ આગળ ધપાવવા માટે અપીલ કરી છે. મહામારીના સંજોગોમાં સેવાના કામમાં લાગી જવા અને સેકટરોના દવાખાના પુર્ણસમય અને પુરતી વ્યવસ્થા સાથે કાર્યરત થાય તેવી લાગણી અને માંગણી પણ રજુ કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ કોરોનાની મહામારીના કપરા સંજોગોમાં શહેરમાં અનેક સામાજિક અને સેવાભાવી આગેવાનોએ પણ જીવ ગુમાવ્યો છે. શહેર વસાહત મહામંડળ સહીત નગરની વિવિધ સંસ્થાના આગેવાનો પણ કોરોનાનો ભોગ બન્યા છે. ગાંધીનગરના સામાજિક આગેવાનો તેમજ સેવાભાવી કાર્યકરોના અવસાનથી શહેર વસાહત મહામંડળે ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. નગરની વિવિધ સંસ્થાના આગેવાનોનુ પણ કોરોનાથી અવસાન થયુ છે. આ તબક્કે શહેર વસાહત મહામંડળ ઘેરા શોકની લાગણી વ્યકત કરે છે. સમાજે ગુમાવેલા સમાજસેવકો પ્રત્યે દુખની લાગણી વ્યકત કરીને તેમના અધુરા કામ પુર્ણ કરીને તેમને સાચા અર્થમાં શ્રધ્ધાંજલી આપવા માટે પણ અપીલ કરી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, કીશોર જીકાદરા,સુધીર દેસાઈ, પ્રદિપ સોલંકી, કાલુભાઈ દેસાઈ, કશ્યપ મહેતા,નિલેન્દુ વોરા, બી એ શુક્લ દિનેશસિંહ ચાવડા, એમ સી નાયક,ભાનુભાઈ દવે તેમજ રવિન્દ્ર દવે સહીત સૌએ સાથે મળીને નગરના સેવાકીય કામોને આગળ ધપાવવા માટે પણ અપીલ કરી છે. ગુજરાતના સ્થાપના દિવસને યાદ કરીને તેમણે રવિશંકર મહારાજના સુત્રને અપનાવવા માટે પણ જણાંવ્યુ છે. ઘસાઈને ઉજળા થવાનો અભિગમ સરકારી તંત્ર પણ અપનાવે તેવી લાગણી સાથે મહામારીના સંજોગોમાં આમ નાગરિકોની સેવામાં સતત લાગેલા રહેવા પણ તેમણે અપીલ કરી છે. જયારે મહામારીના સંજોગોને ધ્યાને લઈ સેકટરોના દવાખાનાઓ પુર્ણ સમય માટે પુરતી વ્યવસ્થાઓ સાથે કાર્યરત કરવા પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે.

**જન્મદિને વધામણી**



વૈદેહી રીકીન સોની



ધાનવી
જગદીશભાઈ પ્રજાપતિ
મો. ૯૯૨૫૩ ૮૧૬૧૭



અંશ અમિતભાઈ પ્રજાપતિ
મો. ૯૯૯૮૭ ૭૫૭૭૩



પ્રિયાંક પટેલ
મો. ૮૨૦૦૨ ૧૫૨૪૪

# આજે મહારાણા પ્રતાપ જયંતિને આમૂલ પરિવર્તન દિવસ તરીકે ઉજવવા હાકલ

ગાંધીનગર, તા. ૮

ભારતવર્ષના મહાન યોદ્ધા, હિન્દુ રાષ્ટ્રના રક્ષક તથા શૌર્ય-સાહસ અને બલિદાન-સમર્પણના પ્રણેતા મહારાણા પ્રતાપની ૪૮૧મી જન્મ જયંતિ તા. ૯ મી મે ૨૦૨૧ના રોજ આવી રહી છે. આ પવિત્ર દિવસને રાજ્યની રાજપૂત સંસ્થાઓ તથા સંગઠનો દ્વારા "શૌર્ય દિવસ-આમૂલ પરિવર્તન દિવસ" તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જો કે હાલ શહેરમાં કોરોના મહામારીની સર્જાયેલી ગંભીર પરિસ્થિતિને અનુલક્ષીને જાહેર સમારંભ યોજવાને બદલે તા. ૯ મી મે રવિવારના રોજ દરેકે પોતાના ઘરે રાત્રે ૯ કલાકે મહારાણા પ્રતાપનો ફોટો રાખી પાંચ દીપ પ્રાગટ્ય કરી મહારાણા પ્રતાપના શૌર્ય-સમર્પણ-બલિદાનની ગાથા પરિવારજનોને જણાવવા ગાંધીનગરના શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. સમાજમાં પ્રવર્તમાન મૃત્યુ પછીના વિધિ-વિધાનમાં આમૂલ પરિવર્તનની ઝુંબેશના ભાગરૂપે સમયને અનુરૂપ ધરખમ ફેરફાર કરવાનો સંકલ્પ લઈને તેની સોશ્યિલ મિડીયામાં પણ બહોળી પ્રસિદ્ધિ કરવા કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ નાગરિકોને હાકલ કરી છે.

# ચિરાગ જાની પીએચડી થયાં



ચિરાગ શરદકુમાર જાનીએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી કાયદાશાસ્ત્રના વિષયમાં ડૉ. કે.સી. પટેલના માર્ગદર્શન હેઠળ "૨૧મી સદીમાં વરીષ્ઠ નાગરિકના ભરણપોષણ અને કલ્યાણના અધિકારોનું રક્ષણ (ગુજરાત રાજ્યના સંદર્ભમાં)" પર શોધ નિબંધ તૈયાર કર્યો હતો જેને માન્ય રાખી તા. ૩જી મે ના રોજ તેમને પીએચડીની પદવી આપવામાં આવી છે.

# નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ઓનલાઈન વેકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૮

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે ઉનાળુ વેકેશનમાં વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમજ વિકસે તથા તેમનું કૌશલ્ય ખીલે તે હેતુથી સાયન્સ કાર્યક્ર્મો યોજવામાં આવે છે. વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન પોતાની રજાઓ ટીવી. મોબાઈલ, ફિલ્મો વગેરે જેવી બિનજરૂરી પ્રવુતિમાં ન વેડફી દે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન તા.૧૦/૦૫/૨૦૨૧ થી ૨૫/૦૫/૨૦૨૧ દરમિયાન સાયન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.

આ વર્કશોપમાં જુદા જુદા તજજ્ઞો ધ્વારા વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના મોડેલ બનાવતા શીખવવામાં આવશે તેમજ તેની રચના અને કાર્ય પદ્ધતિ વિષે સમજ આપવામાં આવશે.

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ ધ્વારા તા ૧૧/૦૫/૨૦૨૧ થી ૧૦/૦૬/૨૦૨૧ સુધી સમગ્ર ગુજરાતના વિજ્ઞાનમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ/શિક્ષકો તેમજ સામાન્ય નાગરિકો માટે ઓનલાઈન સમર કેમ્પ-૨૦૨૧ નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં જીવવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, ખગોળ શાસ્ત્ર, ગણિત તેમજ ઈલેકટ્રોનીક્સ વિષય પર ગુજરાતના જુદા જુદા જીલ્લાના વિષય નિષ્ણાતો ધ્વારા માહિતી આપવામાં આવશે. આ સમર કેમ્પમાં જોડાવવા માટે રજીસ્ટ્રેશ કરવું જરૂરી છે. રજીસ્ટ્રેશ માટે https://forms.gle/6yXPQMcdibeGoKfJA આ લીંક ઉપર પોતાની વિગતો ભરવી. વધુ માહિતી માટે ૯૪૨૬૪૫૧૧૦૨, ૯૦૯૯૩૮૨૯૩૬ પર સંપર્ક કરવા વિનંતી.

# મુસ્લિમ કબ્રસ્તાન માટે વધુ જમીન ફાળવો : આપ

ગાંધીનગર, તા. ૮

કોરોના કટોકટીમાં વધેલા મૃતકોની સંખ્યાને કારણે સ્મશાનો અને કબ્રસ્તાનો હાઉસફુલ સ્થિતિમાં જોવા મળી રહ્યાં છે. આ સ્થિતિમાં આમ આદમી પાર્ટીના લઘુમતી સેલ દ્વારા ગાંધીનગરમાં મુસ્લિમ સમાજના કબ્રસ્તાન માટે વધુ જમીન ફાળવવા વકફ બોર્ડ સમક્ષ ઘા નાંખવામાં આવી છે.

કોરોના વાયરસનો બીજો તબક્કો ગંભીર હોવાથી રાજ્યમાં હજારોની સંખ્યામાં દર્દીઓ મોતને ભેટવા પામ્યાં છે. ગાંધીનગર શહેર તથા આસપાસના ગ્રામીણ વિસ્તારમાં કોરોનાથી મૃત્યુ પામતાં મુસ્લિમ દર્દીઓની ફરજિયાત ચરેડી ખાતેના કબ્રસ્તાનમાં દફનવિધિ કરવામાં આવે છે જેના કારણે આ કબ્રસ્તાનમાં દફનવિધિ માટે જગ્યા વધી નથી. આ અંગે આપ પાર્ટીના માયનોરિટી પ્રમુખ શાકીર રાણાએ વકફ બોર્ડના અધ્યક્ષને લેખિત રજૂઆત કરી મુસ્લિમ સમાજના કબ્રસ્તાન માટે વધુ જમીન ફાળવવા મુખ્યમંત્રી તથા મહેસુલ મંત્રીને રજૂઆત કરવા જણાવ્યું છે.

**ખૂણેખાંચરેથી**

● આરસોડિયાના આઈસોલેશન સેન્ટરની મુખ્યમંત્રીની મુલાકાતના યોજાયેલા સમારોહનું સમગ્ર સંચાલન જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ કર્યુ હતું.

● આરસોડિયામાં આઈટીઆઈ સંકુલમાં જવાના માર્ગમાં પડેલા ખાડાઓ આજે મુખ્યમંત્રીની મુલાકાતને લઈ પૂરી દઈ અને માર્ગનું રિસરફેસીંગ થયું હતું.

● આજે નેશનલ હેલ્થ મિશનના મેને. ડિરેક્ટર પંડ્યાએ શહેરના સે. ૨ અને ૭ માં ચાલતા વેક્સિનેશન સેન્ટરની મુલાકાત લીધી હતી.

● આજે રજાના દિવસે ગાંધીનગર શહેરમાં ૩૩૦૦ થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મ્યુરોમાઈક્રોસીસ માટે અલાયદો વોર્ડ ઉભો કરવામાં આવશે.

● સે. ૨૪ માં આવેલા ઔષધિવનમાં ટીંટોડીએ જમીન પર ચાર ઈંડા મુક્યા છે તેને લઈ હવે વર્ષાઋતુ અંગેની અટકળોએ ચર્ચામાં આવી છે.

● મેટલ એક્સપર્ટ કંપની દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ૨૦ ઓક્સિજન કોન્સ્ટ્રેટર ભેટ સ્વરૂપે અપાયા છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૬૩૮ લોકોને કોરોના વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

**હરિની દૃષ્ટિ...** - હરિન ભટ્ટ




# કોરોના મહામારીને નાથવા રવિવારે સે-૧માં મેડીશનલ સેનીટાઈઝેશનનો અનોખો પ્રયોગ કરાશે

ગાંધીનગર, તા.૮

કોરોના મહામારીમાં ગાંધીનગરના સેકટર-૧ના વસાહતી પરિવારોની તંદુરસ્તી માટે પૂ.પ્રાગદાસબાપાના આશિર્વાદથી વેસ્ટર્ન એગ્રો સીડસ કંપનીના નારણભાઈ પી. પટેલના સહયોગ દ્વારા ઔષધીયુકત ઉકાળાનું છેલ્લાં એક મહિનાથી નિઃશુલ્ક વિતરણ કરાઈ રહ્યું છે તેનો લાભ સમગ્ર સેકટરો અને આજુબાજુના ગામોનાં લોકોને મળી રહ્યો છે.

હવે આગામી તા. ૯મી મે રવિવારે સાંજે ૫ થી ૭ વાગ્યા દરમ્યાન એક અનોખી સેવા યાત્રાનું આયોજન સેકટર-૧માં કરવામાં આવ્યું છે જેમાં ભાવનગરના ડો. ઓમ ત્રિવેદી પ્રેરિત ૨૦ યજ્ઞકુંડમાં ૭૨ પ્રકારની ઔષધીઓનો ધુમાડો કરી આપણા સેકટરની ગલીઓમાં ઉત્સવ સમિતિના યુવાનો દ્વારા મેડીશનલ સેનીટાઈઝેશન કરવામાં આવશે. આ મેડીશનલ સેવા યાત્રા દરમ્યાન બધા લોકોને પોતાના ઘરના બારી દરવાજા ખુલ્લા રાખવા વિનંતી કરવામાં આવી છે જેથી ઔષધીયુકત ધુમાડાનો મહતમ લાભ પ્રાપ્ત થઈ શકે. મેડીશનલ સેવા યાત્રાનો પ્રારંભ સેકટરના મહાકાલેશ્વર મંદિરથી કરવામાં આવશે. આ સેવા યાત્રા દરમ્યાન કોરોના પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે.



ગાંધીનગર જિલ્લામાં કોબા ખાતે નવા કોબા જુના કોબા દરેક ફળીયાના યુવાનો, સામાજિક અગ્રણી કાર્યકરો દ્વારા ટીમ બનાવી કોરોનાના પ્રાથમિક લક્ષણોની તપાસ કરી ઝડપી રોગ નિદાન માટે સામાજિક અગ્રણી સંસ્થા દ્વારા નાણાં એકત્ર કરી કીટ વિતરણ કરવામાં આવ્યું છે. યોગેશ નાયી પૂર્વ સરપંચ કોબા, ગ્રામજનો, યુવાનો, સામાજિક અગ્રણી કાર્યકર સંસ્થા સાથે કોરાના મુક્ત થાય સહુ ગામજનો જનસેવા એજ પ્રભુ સેવા ચરિતાર્થ કરવામાં આવ્યું છે.

# પરિણીતાએ અભયમ્ હેલ્પલાઈનની મદદથી લગ્નેતર સંબંધો રાખતા પતિની સાન ઠેકાણે લાવી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં 'પતિ પત્ની ઔર વો' જેવા કિસ્સા છાશવારે પ્રકાશમાં આવી રહ્યાં છે. આવા જ એક કિસ્સામાં પતિના લગ્નેતર સંબંધોથી અકળાયેલી પત્ની દિકરીને લઈને લાંબા સમયથી રિસાઈને પિયર જતી રહી હોવાનો લાભ ઉઠાવી પતિએ ઘરમાં અન્ય મહિલાને લાવી દેતા પરિણીતાએ ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનની મદદથી પતિની સાન ઠેકાણે લાવી હતી.

અભયમ્ હેલ્પલાઈનને તાજેતરમાં ફેક કૉલ મળ્યો હતો જેમાં મહિલાએ પોતાના પતિ તથા સાસુ તેની છ વર્ષની દીકરી સાથે ઘરમાં રહેવા દેતા નથી તેવી ફરિયાદ ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડતાં રડતાં કરી હતી. આ ફરિયાદ મળતાં અભયમ હેલ્પલાઈનના કાઉન્સેલરે મહિલા સાથે કાઉન્સેલિંગ કરતાં જાણવા મળ્યું હતું કે તેના તેના લગ્ન જીવનને દસ વર્ષ જેટલો સમય થઈ ગયો હતો અને તેમ છતાં તેના પતિ અન્ય મહિલા સાથે લગ્નેતર સંબંધો રાખતાં હતાં જેનાથી ત્રાસીને મહિલા પોતાની છ વર્ષની દિકરી સાથે લાંબા સમયથી પિયરમાં રીસામણે ચાલી ગઈ હતી. આ દરમ્યાન એને જાણવા મળ્યું કે તેના પતિ તથા સાસુની મરજીથી ઘરમાં અન્ય મહિલા પતિ સાથે રહે છે. આ બાબતની જાણ થતાં જ પરિણીતા તુરંત પોતાના સાસરે પરત ફરી હતી અને પેલી મહિલાને ઘરમાંથી બહાર કાઢવા જણાવ્યું હતું પરંતુ તેના પતિએ પોતાની પરિણીતાને જ ઘરમાં રાખવાની સાફ મનાઈ કરી દીધી હતી જેથી નાછૂટકે મહિલાએ અભયમ હેલ્પલાઈનની શરણું લીધું હતું.



અભયમ હેલ્પલાઈનના કાઉન્સીલર દ્વારા સમગ્ર કેસની વિગત જાણ્યા બાદ લગ્નેતર સંબંધો ધરાવતા પતિને કરતાં તેને સાથ આપનાર તેની માતાનું કાઉન્સિલિંગ કર્યું હતું જેમાં મહિલાના પતિ તથા સાસુ નહીં પત્નીની હયાતી હોવા છતાં લગ્નેતર સંબંધો રાખવા અંગે કાયદાની જોગવાઈઓ અંગે જણાવીને ચેતવણી આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલાના પતિ સાથે ઘરમાં રહેતી અન્ય મહિલાનું પણ કાઉન્સેલિંગ કરીને પરિણીત પુરુષ સાથે રહેવાના કાયદાકીય જોખમો જણાવી ઘરમાંથી ચાલ્યા જવા માટે સમજાવી દેવામાં આવ્યું હતું પરિણામે પરિણીતાના પતિએ ભૂલ સ્વીકારી પોતાની પત્ની અને દીકરીને સ્વીકારી ઘરમાં રાખવા તૈયાર થઈ ગયાં હતાં.

# દીકરો મારો ડાહ્યો, માસ્ક પહેરીને નાહ્યો, માસ્ક ગયો ખસી, પછી લેવી પડી રસી..!!

## શહેરમાં સર્જાયેલી લોકડાઉન જેવી સ્થિતિમાં નાગરિકો સોશિયલ મીડિયા પર રમૂજી ટુચકાના સહારે માનસિક હળવાશ જાળવવા મથી રહ્યા છે

ગાંધીનગર તા. ૮

કોરોના સંક્રમણની બીજી લહેરના કારણે ફરી એકવાર ગાંધીનગરમાં લોકડાઉન જેવી પરિસ્થિતી સર્જાઈ છે. જોકે આ સપ્તાહે ગંભીર કેસોની સમસ્યામાં પણ રાહત જણાઈ રહી છે, આમ છતાં સાવચેતી રાખવી હજુ પણ ખૂબ જરૂરી છે. કોરોના કાળમાં નાગરિકોના માનસિક તણાવ અને નિરાશામાં વધારો થયો છે, આ ગંભીર સ્થિતિમાં સર્વત્ર પ્રસરી રહેલી નકારાત્મકતાને ખંખેરી માનવીએ પ્રસન્ન રહેવું મહત્વનુ છે કેમ કે પ્રસન્નતાથી વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ વધુ સારી રીતે ખીલે છે તેવું નિષ્ણાતો કહેવું છે, તો આ સમયે થોડીવાર માટે આપણી આસપાસ બનેલી દુઃખદ ઘટનાઓને વિસરે પાડીને કોરોના લોકડાઉન જેવી સર્જાયેલી સ્થિતિમાં નેટિઝન્સ દ્વારા સતત પ્રસારિત થતાં રમૂજી ટુચકા માણીને હળવા થઈએ...થોડા હેપ્પી થઈએ...

એક ભાઈ જંગલમાંથી જતા હતા અચાનક સામે થી વાઘ આવતો જોયો ને એ ભાઈ શ્વાસ રોકી ને જમીન પર સુઈ ગયો.. વાઘે એની પાસે આવી ને એના કાનમાં કહ્યું કે હમણાં માણસોમાં કોરોના ચાલે છે...નહીતર તારી બધી હોશિયારી અત્યારે જ કાઢી નાખત.

★★

હવે આજના કુંવારા યુવાનોને એક નવી ચિંતા સતાવી રહી છે. એક યુવાને મને આજે અઘરો પ્રશ્ન પૂછ્યો કે...કોવિશિલ્ડ લીધેલી છોકરી સાથે કોવેક્ષીન લીધેલા છોકરાના લગ્ન થઈ શકે કે નહિ?

★★

એક ભાઈ બેંકમાં ગયા...પૈસા ઉપાડવા... બેંકના કેશિયરે પૂછ્યું : પૈસા ઉપાડીને શું કરશો ?

બધું ય બંધ છે...!

પેલા ભાઈ : કાલે પાછો જમા કરાવવા આવીશ... ઘરે બેસ રહેવાનો કંટાળો આવે છે એટલે.

★★

સવારે પત્ની રસોઈમાં મીઠુ નાખવાનું ભૂલી ગઈ.... અને હું દિવસભર ટેન્શનમાં..

મોઢાનો સ્વાદ ગયો કે શું ?

★★

હમણાં ઊંઘવાના કલાકો એટલા વધી ગયા છે કે થોડાં દિવસ થી સપનાઓ રિપીટ થાય છે..ને કાલથી તો હદ થઈ ગઈ....બે સ્વપ્ન વચ્ચે જાહેરાત આવવાનું શરૂ થઈ ગયું છે.

★★

કોરોનાથી બચવાનો ઘરગથ્થુ ઉપાય :

૨૦૦ ગ્રામ વરીયાળી, ૨૦૦ ગ્રામ આખું જીરું, ૨૦૦ ગ્રામ અજમો અને ૧૦૦ ગ્રામ રાઈના દાણા લઈને મિક્ષ કરો.... હવે ઘરના એક ખૂણામાં બેસી આ બધું અલગ-અલગ કરો.

(આ પ્રયોગ સવાર સાંજ કરવો કોરોના શું કોરોનાનો બાપ પણ નહી આવે)

★★

પેશન્ટ : ડોક્ટર સાહેબ.... રેમડેસીવીર અને ટોસીલોઝુમ કરતા સારી કોઈ દવા..???

ડોક્ટર : હા... છે ને... ફેવીકોલ..!

★★

હોસ્પિટલમાં જગ્યા નહોતી, પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ થવા જેટલા તારી જોડે રૂપિયા નહોતા, રેમડેસિવિર ઈન્જેકશન નહોતા, ઑક્સિજન સિલિન્ડર નહોતા તો તે શું કર્યું?

કંઈ નહિ છેલ્લે બાધા રાખી લીધી..!!

★★

પત્ની ને જો હ્રદય ને બદલે ફેફસાંમાં સ્થાન આપ્યું હોત તો કોરોનાને ત્યાં ઘુસવા જ ના દેત..!

★★

વૈધરાજ, કોરોના માટે ક્યો કાઢો સારો?

વૈધરાજ: તમે ચોવીસે કલાક ઘરમાં કાઢો એ..!

★★

કપડાની દુકાનમાં એક બેન ઘણીવારથી કપડા કઢાવતી હતી અને ટ્રાયલ કરી ને જોતી હતી ,

પછી કે મને સ્લીવલેઝમાં હોય એવા ટોપ કે ડ્રેસ બતાવો..

બિચારા દુકાનદારે પુછ્યું ,"બેન તમારે કઈ ઈવેન્ટ માટે પહેરવું છે?.."

બેન બોલ્યા હાલમાં તો મેરેજ જેવુ કંઈ નથી બસ આ કાલે વેક્સિનનો બીઝો ડોઝ લેવા જવાનું છે.

હવે દુકાનદારે વેપારીને ત્યાંથી ૧ લાખના ફક્ત સ્લિવલેઝ ટોપ મંગાવ્યા છે.

અને દુકાન બહાર બોર્ડ મારી દીધુ "અહી વેક્સિન લેવા જવા માટેના સ્લિવલેઝ ડ્રેસ, ટોપ મળશે"

★★

ભગવાન જે કરે ઈ બધુ સમજી વિચારીને જ કરે છે,

હવે જો કાન આટલા બધા બહાર ના આપ્યા હોત તો, ખીલી ઠોકીને માસ્ક પહેરવા પડત,

'ધન્ય હો પ્રભુ'

★★

કાલે રાત્રે થોડી વાર માટે વિજળી ગઈ હતી એટલે મીણબત્તી સળગાવી હતી.

વિજળી આવી ગયા બાદ, મેં ઘણી ફૂંક મારી પણ મીણબત્તી ઓલવતી નોહતી.

મનમાં તરત ડર પેસી ગયો... ક્યાંક મારું ઓક્સિજન લેવલ ઓછું તો નથી. વિચાર માત્રથી પરસેવે રેબઝેબ થઈ ગયો. એટલામાં પત્નીએ નજીક આવી કાનમા કહ્યું...અરે પહેલા માસ્ક તો કાઢો

★★

આ વેકસીનનું પણ લગ્ન માટે જોવા ગયેલા છોકરી જેવું છે હો..

પહેલા ગમતી નહોતી.. ને હવે મળતી નથી..!!

★★

આજે રવિવાર છે....પ્રાચીનકાળમાં આજના દિવસે નાગરિકો પરિવાર સાથે બહાર ફરવા જતા...!